# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

### સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૫–૯–૨૦૨૪ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૮–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ફા.પ્લોટ નં.૧૦૨ રામરાજય સોસાયટી પાસે ગ્રાઉન્ડ + એકમાળની આંગણવાડીનું મકાન બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર શ્રી હંસ કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૮,૫૩,૪૭૮–૩૭ થી ૨૮% ઉંચા ભાવે એટલે કે રૂા.૩૬,૫૨,૪૫૨–૩૧ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૮–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–એ માં સમાવિષ્ટ પુણા ગામ તરફ અર્ચના વિદ્યાલય પાસે "શ્રી મહર્ષિ અરવિંદ ઘોષ" ફલાય ઓવર બ્રીજના નીચેના ભાગે ખુલ્લી જગ્યામાં ઓપન સ્પેશ ડેવલપમેન્ટ તથા બ્યુટીફિકેશન/એરિયા ડેવપલમેન્ટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર રેઈન્બો ઈન્ફ્રાસ્ટ્રકચરનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨,૦૦,૨૬,૨૩૦–૩૦ થી ૨.૭૯% ઉંચા ભાવે એટલે કે રૂા.૨,૦૫,૮૪,૯૬૨–૧૩ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૮–૨૦૨૪ નો પત્ર, સુરત મહા. હદ વિસ્તારમાં આવેલ વિવિધ ગાર્ડન/લેક ગાર્ડનોમાં સીવીલ, ઈલેકટ્રીકલ તેમજ હોર્ટીકલ્ચર લેન્ડસ્કેપને લગતી કામગીરી માટે પ્લાનીંગ, ડીઝાઈનીંગ, એસ્ટીમેટ તથા ટેન્ડર તૈયાર કરવાની પ્રક્રિયા માટે કન્સલ્ટન્ટની નિમણૂંક કરવા 'Empanelment of Horticulture Landscape Consultants for Beautification of Surat City" ના કામે આવેલ કુલ–૬ કન્સલ્ટન્ટો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૫ કન્સલ્ટન્ટો (૧) શેઠ ડીઝાઈન કન્સલ્ટન્ટસ LLP., સુરત, (૨) મુકુંદ દલાલ એન્ડ એસોસીએટસ, (૩) સર્જન આર્કિટેકટસ & પ્રોજેકટ કન્સલ્ટન્ટસ, (૪) સ્પેસ ક્રિએટર્સ, શ્રી શ્યાનીલ પટેલ અને (૫) પ્લાનીંગ પોઈન્ટને EOI માં દર્શાવેલ સ્કોપ ઓફ વર્ક, શીડયુલ ઓફ સર્વિસીસ તેમજ અન્ય શરતોને આધિન એમ્પેનલ્ડ લીસ્ટમાં સમાવેશ કરવા અંગે નિર્ણય લેવા તથા જે તે સમયે જે તે પ્રોજેકટ કોસ્ટના ૧% કન્સલ્ટન્ટ ફી પ્રમાણે કન્સલ્ટન્ટન્સી ફી ચૂકવણું કરવા તથા તે સમયે જે તે પ્રોજેકટના કન્સલ્ટન્ટની નિમણુંક કરી કામગીરી સોંપવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તથા ભવિષ્યમાં આ પ્રકારના કામે સેવાઓ પુરી પાડવા માટે EOI ની શરતો મુજબ અન્ય કોઈ સીવીલ, ઈલેકટ્રીકલ તેમજ હોર્ટીકલ્ચર લેન્ડસ્કેપ માટે કન્સલ્ટન્ટ લાયક જણાય તો તેનું નામ દાખલ કરવા, સોંપાયેલ કામોએ કન્સલટન્ટને ફેરબદલ કરવા તથા એમ્પેનલ્ડ પૈકીના કન્સલ્ટન્ટ કામગીરી પ્રત્યે ગેરલાયક જણાય તો તેનું નામ એમ્પેનલન્ડ લીસ્ટમાંથી કમી કરવા તેમજ સદર કન્સલ્ટન્ટો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૮–૨૦૨૪ નો પત્ર, પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલા નવા વિસ્તારો પૈકી સેગવા ગામથી શેરડી ગામ તરફ જતા રસ્તા તથા અન્ય લાગુ રસ્તાઓ ઉપર ૬.૦૦ મીટર ઉંચાઈના જી.આઈ.રાઉન્ડ સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરી તેના ઉપર ૧૫ વોટના એનર્જી એફીસીયન્ટ એલ.ઈ.ડી. ફીટીંગ લાગડી કાર્યરત કરવાના કામે આવેલ કુલ–૧૧ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૫ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવના ટેન્ડરના ટેન્ડરર પટેલ કલ્પેશ બળવંતભાઈ, સુરતને અંદાજી રકમ રૂા.૮૨,૪૩,૨૭૪/– થી ૨૯.૨૯% નીચા ભાવે એટલે કે રૂા.૫૮,૨૮,૮૧૯–૦૪(જીએસટી અલગથી)ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૮–૨૦૨૪ નો પત્ર, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ગોપીતળાવ તથા અન્ય બીજા સુરત મહા. હસ્તક ચાલતી બોટીંગ પ્રવૃતિ માટે ફાળવવામાં આવેલ ઈજારા અન્વયે ગુજરાત સરકારશ્રી ધ્વારા બોટીંગ પ્રવૃતિઓ અંગેની વચગાળાની માર્ગદર્શિકામાં પ્રસિધ્ધ કરવામાં આવેલ નિયમો તથા ભવિષ્યમાં કોઈ નવા નિયમોમાં સુધારો વધારો તેમજ ફેરફાર કરવામાં આવે તે મુજબ ટેન્ડરના નિયમો, શરતો અને સ્પેશીફીકેશન્સને આધિન મજકુર કાર્યવાહી ઈજારદાર પાસે કરાવવા અને તેઓ સાથે સુધારેલ નવો કરારનામુ કરાવવા સુરત મહા.ના સક્ષમ અધિકારીશ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૮–૨૦૨૪ નો પત્ર, નવા પૂર્વ(સરથાણા) ઝોનમાં નવા સમાવિષ્ટ વાલક ગામ ખાતે આવેલ વાલક પ્રાથમિક શાળામાં આવેલ મધ્યાહન ભોજન બિલ્ડીંગ તથા ટોઈલેટ બ્લોકને ઉતારી પાડી માલસામાન લઈ જઈ જમીન સમતલ કરી આપવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરર નિલકંઠ કોર્પોરેશનની રૂા.૬૦૦૦/–(GST સહિત)ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૮–૨૦૨૪ નો પત્ર, સુરત શહેરના Comprehensive Mobility Plans (CMP) ને રીવીઝન કરવા માટે કન્સલ્ટન્સી સર્વિસ પુરી પાડવાની કામગીરી માટે કન્સલ્ટન્ટશ્રીનું નામ L&T Infrastructure Engineering Limited બદલીને કન્સલ્ટન્ટશ્રી ધ્વારા જણાવ્યા મુજબ ASSYSTEM INDIA LIMITED કરવા અને કંપનીના નવા નામે વર્કઓર્ડર, નાણાંકીય વ્યવહાર અને તમામ પત્ર વ્યવહાર કરવા અંગે જરૂરી મંજુરી અર્થે અને તે મુજબ કન્સલ્ટન્ટ સાથે કરારનામુ કરવા માટે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૭–૮–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ની હદ વિસ્તારમાં સમાવિષ્ટ સુરત શહેરના વિવિધ સીમેન્ટ કોન્ક્રીટના ટી.પી. રસ્તાઓ કે જેની ડીફેકટ લાયાબીલીટી પીરીયડ પુર્ણ થયેલ હોય, તેવા તમામ રસ્તાઓના મેઈન્ટેનન્સ અને રીસ્ટ્રેન્ધનીંગ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૩૦૯/૨૦૨૪ થી મંજુર યુનિટ રેઈટના ભાવો અને શરતોને આધિન કરવા લેખિત સંમતિ આપનાર ઈજારદાર શેઠ કન્સ્ટ્રકશન કું.ને રૂા.૯૯,૭૨,૧૦૦/– ની મર્યાદામાં ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૮–૨૦૨૪ નો પત્ર, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સ્નેહ મિલન ગાર્ડનમાં આવેલ ટોયલેટ બ્લોક તથા પાણીની પરબને ઉતારી પાડી લઈ જવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી હાઈએસ્ટ ઓફર આપનાર ટેન્ડરર શ્રીરામ એજન્સીની રૂા.૧૮,૦૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૮–૨૦૨૪ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે સ્થા.સ.ઠ.નં.૪૦૮/૨૦૧૧ થી એમ.આર.આઈ. તથા સીટી સ્કેન યુનિટ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધ્વારા અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લી. તરફથી ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન તથા ૧૬ સ્લાઈસ સીટી સ્કેન યુનિટ ૧૦ વર્ષ સુધી ચલાવવાનું મંજુર કરવામાં આવેલ, જેના અનુસંધાને ઈજારદાર અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લી. તથા સ્મીમેર હોસ્પિટલ વચ્ચે થયેલ એમ.ઓ.યુ. મુજબ ઈજારદાર અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લિ.ની સંમતિને આધિન સદર કામગીરીના એમ.ઓ.યુ.ની શરતો અને બોલીઓને યથાવત રાખી સા.સ.ઠ.નં.૧૬૫/૨૦૧૯ મુજબ કોષ્ટક–(બ) અને (ક) માં દર્શાવ્યા મુજબ તમામ રેઈટસ યથાવત રાખી તા.૧–૯–૨૦૨૪ થી તા.૨૮–૨–૨૦૨૫ સુધી ઉકત કામગીરી લંબાવવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૨–૯–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મચ્છરથી ફેલાતા રોગો જેવા કે, મેલેરીયા/ડેન્ગ્યુ/ચીકનગુનીયા/ફાઈલેરીયા વિગેરે નિયંત્રણ હેઠળ રાખવા શહેરના વિવિધ વિસ્તારોમાં ફીવર સર્વેલન્સ, ઈન્ટ્રાડોમેસ્ટીક, એન્ટીલાર્વલ તથા ફોગીંગની કામગીરી માટે સને ૨૦૨૪–૨૦૨૫ માટે તેમજ ઠરાવની તારીખથી વધુમાં વધુ એક વર્ષ સુધીમાં અથવા સને ૨૦૨૫–૨૦૨૬ માટેની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઠરાવ થાય ત્યાં સુધીના સમયગાળા પૈકી જે વહેલુ થાય ત્યાં સુધી એમ.એલ.ઓઈલ તથા વિવિધ જંતુનાશક દવાઓ ખરીદવાના કામે આવેલ કુલ–૧૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૧૧ ટેન્ડરો પૈકી દરખાસ્તના પત્રક–અ માં દર્શાવેલ જંતુનાશક દવાઓનો જથ્થો તેની સામે જણાવેલ ઈજારદારો પાસેથી તેમની સામે જણાવેલ સૌથી ઓછા ભાવે કુલ રૂા.૩,૫૫,૬૧,૯૧૧/– (જી.એસ.ટી. સિવાય) ના ખર્ચે ખરીદવા અંગે નિર્ણય લેવા તથા સદર ટેન્ડરરો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

આ દે શ થી,

૨૧. ૨. ૫૨૬

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,

સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,

સુરત, તા.૨–૯–૨૦૨૪.